ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૩૦.૬ ડીગ્રી
લઘુતમ : ૯.૬ ડીગ્રી
ભેજ
સવારે ૫૫ ટકા ● સાંજે ૨૯ ટકા

# લતાદીદીને ગાંધીનગરની ભાવભીની અંજલિ

## શહેરના સાંસ્કૃતિક જગતના પ્રતિનિધિઓ અને ગાયક કલાકારો દ્વારા સ્વર સામ્રાજ્ઞી લતાદીદીને ભાવભીની અંજલિ અપાઈ



સંગીતની દુનિયામાં એક ઈતિહાસ રચનાર ભારતરત્ન લતા મંગેશકર આપણી વચ્ચે નથી રહ્યા. કાલે આપણે સરસ્વતી માતાજીનું પૂજન કર્યુ અને આજે આપણી વચ્ચે સરસ્વતી સ્વરૂપાએ વિદાય લઈ લીધી. વસંતમાં જ કોયલ શાંત થઈ ગઈ. આપણે ખરેખર એક અમુલ્ય રત્ન ખોયું છે. લત્તા દીદીના ગીતો હંમેશા ગુંજતા રહેશે તેઓ સદેહ આપણી વચ્ચે નથી પરંતુ એમનો અવાજ, એમના ગીતો હંમેશા ગૂંજતા રહેશે. લતા દીદીના દુઃખદ અવસાનના સમાચાર સાંભળ્યા બાદ સમગ્ર શહેરમાં શોકમય માહોલ છવાઈ ગયો છે. સોશિયલ મિડીયામાં પણ લતા દીદીને શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી ત્યારે ગાંધીનગર સમાચાર તરફથી શહેરના તમામ નાગરિકો વતી ભાવભીની શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવે છે. તેઓ અઢળક ગીતોનો અમુલ્ય વારસો આપણને આપી ગયા છે એમની ખોટ પૂરી શકાય એમ નથી. 'મેરી આવાઝ હી પહેચાન હૈ...' આ ગીતની જેમ તેમનો કંઠ, સ્વર, અવાજ જ તેઓની આગવી ઓળખ સમાન હતા. આપણા સૌ માટે એ અત્યંત ગૌરવ પૂર્ણ અને સૌભાગ્યની બાબત છે કે આપણે લતાજીના યુગમાં આ ધરતી પર સાથે શ્વાસ લીધા. તેઓના અવસાનથી કરોડો ચાહકોએ દુઃખ અનુભવ્યું છે અને સંગીત જગતમાં કયારેય ન પુરાય તેવી ખોટ અનુભવાશે. ગાંધીનગર લતા દીદીને ભાવભીની અંજલિ અર્પણ કરે છે. સ્વર સામ્રાજ્ઞી અને ભારતરત્ન લતા મંગેશકરજીના દિવ્ય આત્માને પરમ શાંતિ માટે પરમ તત્વને પ્રાર્થના... ઓમ શાંતિ... સ્વર કોકિલાને શત શત નમન...

●●●



હું પોતે મારી જાતને બહુ નસીબદાર માનું છું કે લતા મંગેશકરના યુગમાં જન્મ્યો છું અને મેં લતા મંગેશકરના ગીતો સાંભળ્યા છે. એટલું મહાન શ્રેષ્ઠ સીંગર આવનારા અનેક વર્ષો સુધી કદાચ કોઈ નહીં થાય.

**- કેદાર ઉપાધ્યાય (ગાયક-સંગીતજ્ઞ)**

●●●

જગતમાં કયારેક જ મહાન વિભુતિઓ આવે છે અને એ વિભુતીઓને યુગ પ્રવર્તક કહે છે.



ભારતીય સંગીત ક્ષેત્રે એક યુગ પ્રવર્તકને સુરીલા નતમસ્તક વંદન કરીએ એટલા ઓછા જ પડે. કોઈ પણ ક્ષેત્રમાં મહાનતા ત્યારે જ આવે છે કે જયારે એનું સાતત્ય જળવાય. કોઈ ક્ષેત્રમાં ખેલકુદ હોય સંગીત હોય કે બીજા ક્ષેત્ર હોય એમાં તમે બે ગીતો સારા ગાઈ જાઓ એનાથી મહાન બનાતું નથી પણ જે લગભગ ૫૦ વર્ષથી સરખી ગુણવત્તાથી તેમણે સંગીતને મેઈન્ટેન કર્યું એટલે ન ભૂતો ન ભવિષ્યતી કહે છે પરંતુ ભવિષ્યમાં આટલી મહાન ગાયિકા આપણને મળશે નહીં. વંદન...

**- વાગ્મિન બુચ (પ્રમુખ શિવરંજની)**

●●●

જીવંત દંતકથા જેવું વ્યકિતત્વ, સાક્ષાત સરસ્વતી માં નો અવતાર અને લગભગ પાંચ છ પેઢીઓ તેમનું સંગીત એમના ગીત સાંભળીને મોટી થઈ છે. આવા લિજેન્ડરી ગાયક કલાકાર, આવી વ્યકિત પણ કોઈ સંગીત ક્ષેત્રે હશે તે આવનારી પેઢીઓ માટે તો કલ્પના કરવી પણ મુશ્કેલ હશે કે આવું કોઈ વ્યકિતત્વ થઈ ગયું.

ભારતના લગભગ કોઈ સંગીતકાર નહીં હોય જેમણે લતા દીદી સાથે



નહીં ગાયું હોય. આપણને તો જેના નામ પણ નથી આવડતા એવા એવા સંગીતકારો સાથે એમણે તેમની કારકીર્દીની શરૂઆત કરી છે. લત્તા મંગેશકરજી તેમના ગીતોથી અમર છે અને રહેશે.

**- હિરેન ભટ્ટ (મહામંત્રી, કલ્ચરલ ફોરમ)**

●●●

'રહે ના રહે હમ, મહેંકા કરેંગે' ભારતવર્ષની એક અસામાન્ય, અદ્વિતીય અવાજે કાયમ માટે મૌન ધારણ કરેલ છે.



જે અવાજને સાંભળીને ગાયન શીખ્યા તેવા મા સરસ્વતીના વિભૂતિ અવતાર પરમ આદરણીય લતાજીને કોટી કોટી વંદન.

**- બિરેન પુરોહિત (જાણીતા ગાયક)**

●●●

લતા દીદીને કોકીલ કંઠી ગાયિકાથી ઓળખતા હતા. એક સૂર અનંત સૂરમાં મિલિન થઈ ગયો. પાકિસ્તાનના પ્રખ્યાત જુગલબંધી



શાસ્ત્રીય ગાયકો ઉસ્તાદ નજાકત અલીખા અને ઉસ્તાદ સલામત અલીખા તેમના પ્રિય સીંગર હતા. જયારે જયારે તેઓ પાકિસ્તાનથી ભારતમાં આવતા હતા ત્યારે લતાદીદી તેમને ઘરે બોલાવતા અને તેમનું શાસ્ત્રીય સંગીત સાંભળતા હતા. લતાદીદીના દુઃખદ નિધન પર મારા અને મારા પરિવાર તથા મારા તમામ સંગીતના વિદ્યાર્થીઓ દ્વારા ભાવભીની શ્રધ્ધાંજલિ... ઓમ શાંતિ.

**- પિનાકીન વ્યાસ (ગાયક-સંગીતકાર)**

●●●

લતાજીની વસમી વિદાય વેળાએ હું એટલું જ કહીશ કે તેમના જવાથી એક સંગીતનો અધ્યાય સમાપ્ત થયો એવું કહેવાને બદલે અનેક પૂજનીય ગ્રંથોની જેમ તે એક



શાસ્ત્ર બની રહેશે. લોકો સદૈવ તેમને યાદ રાખશે. એમાંથી શીખશે અને તેમની સદાય પૂજા કરતા રહેશે. લતા દીદી અમર રહો. બધા કલાકારો પર તમારા આર્શીવાદ બની રહો. ઓમ શાંતિ.

**- મયંક દવે (સૂરમધુર કલાવૃંદ)**

●●●

ગીત સંગીતની દુનિયામાં જેને અલ્ટીમેટ કહેવાય એવા ભારતરત્ન સૂર સામ્રાજ્ઞી લતા મંગેશકર આજે આપણી વચ્ચેથી અનંતની યાત્રાએ સીધાવ્યા. આપણા દેશની દરેક ભાષામાં પોતાના કંઠથી સુમધુર અને યાદગાર ગીતો ગાઈને છેલ્લા ૭૫ વર્ષથી આપણા સૌના હૃદયમાં સંગીતનું સામ્રાજય સર્જનાર લતાજી અદ્વિતીય હતા, છે અને હંમેશા માટે



રહેશે. આઝાદીના અમૃત મહોત્સવની સાથે સૂર લતાના અમૃત મહોત્સવનું પણ આપણે સાથે મળીને આયોજન કરીએ. સ્વર કોકિલાને શત શત નમન.

**- આશાબેન સરવૈયા (સંયોજિકા, કલાગુર્જરી)**

●●●

તુમ મુજે યું ભૂલા ના પાઓગે.... સંગીતની દુનિયામાં એક ઈતિહાસ રચનારા ભારતરત્ન લતા મંગેશકર આજે આપણી વચ્ચે નથી રહ્યા. આજે ભારતે એક



અમુલ્ય રત્ન ખોયુ છે. લતાજી આજે સદેહે આપણી વચ્ચે નથી પરંતુ એમનો અવાજ એમના ગીતો હંમેશા ગૂંજતા રહેશે, તેઓ અઢળક ગીતોનો અમૂલ્ય વારસો આપણને આપીને ગયા છે. એમની ખોટ પૂરી શકાય એમ નથી. એ મહાન આત્માને મારા શત શત નમન... શ્રધ્ધા સુમન....

**- આરતી ભટ્ટ (ગાયક કલાકાર)**

●●●

ભારતીય ફિલ્મ સંગીત સાથે વરસોથી સંકળાયેલા ભારત રત્ન, પદ્મ વિભૂષણ સંગીત સામ્રાજ્ઞી સુરોની દેવી આદરણીય લતા મંગેશકરજીના નિધનથી મને વ્યક્તિગત રીતે ખૂબ જ ઉંડુ દુઃખ થયુ છે. સાથે સંગીત સાથે નાતો રાખનાર કોઈપણ અદનામાં અદના આદમીને પણ આ વિરલ



ગાયિકાના નિધનથી ભારતીય સંગીત રાંક બન્યુ છે. લતા મંગેશકર એ માત્ર ભારતનાં જ નહીં સમગ્ર વિશ્વ માટે એવી મહાન વિભૂતિ હતા કે સમગ્ર વિશ્વમાં પણ તેમના અવસાનના ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે. તેમનો અવાજ સદીઓ સુધી. ગુંજતો રહેશે. અને તેઓ સદેહે નહી પણ અવાજરૂપે આપણી વચ્ચે સદા અમર રહેશે. આવી સદીમાં પેદા થતી આવીવિરલ વિભૂતિને અશ્રુ ભરી શ્રદ્ધાંજલિ.

**- સુરેશકુમાર રત્નોત્તર (ગાયક કલાકાર)**

●●●

કુદરતે અમુક ખાસ વ્યકિતઓને એવી કુદરતી, અલૌકિક અને બેજોડ બક્ષિસ આપી છે કે જે કેવળ પ્રયાસ થી નથી મળતી..આવી જ એક બક્ષીસ કુદરતે સ્વર સામ્રાજ્ઞી લતાજીને ગળાની મીઠાસ રુપે આશીર્વાદ રુપે અર્પી હતી..મેરી આવાઝ હે પહેચાન હૈ ...તેણી એ ગાયેલ ગીત ની જેમ તેણીનો કંઠ, સ્વર - અવાજ જ તેઓની આગવી ઓળખ સમાન હતા.

તેઓના અવસાનથી તમામ ભારતીય અને દેશ વિદેશમાં વસતા કરોડો ચાહકો એ દુઃખ અનુભવ્યું છે અને સંગીત જગતમાં કયારેય ન પુરાય તેવી ખોટ અનુભવાશે..સંગીતની દેવી ની આ પૃથ્વી લોક પરથી વિદાય લેવાથી તેણીના ગીત સંગીત ના પરમ ચાહક તરીકે ઘણું દુઃખ અનુભવ્યું છે. સ્વર સામ્રાજ્ઞી અને ભારતરત્ન લતા મંગેશકરજીના દિવ્ય આત્માને પરમ શાંતિ માટે પરમ તત્વ ને પ્રાર્થના...

**- સુરેશ પારઘી (ગાયક કલાકાર)**

●●●

લતાજીની વિદાયથી ભારતીય ફિલ્મ ઉદ્યોગના સંગીતનો સુવર્ણ યુગ સમાપ્ત થયો. તેઓ હંમેશા તેમના ગીતો થકી



આપણા હૃદયમાં જીવંત રહેશે. તેમના સુરો દ્વારા તેમણે અનેક સંગીતકારોને ગૌરવ અપાવ્યુ. ઈશ્વર તેઓના પવિત્ર આત્મા ને શાંતિ આપે. ઓમ શાંતિ.

**- ઉદયભાઈ શુકલ (ગાયક કલાકાર)**

●●●

લતા મંગેશકર એવું નામ જે પેઢી દર પેઢી યાદ રહેશે. દુનિયાભરમાં લતા દીદીથી જાણીતા, ૧૯૨૯માં જન્મેલ લતા દીદીએ પોતાના કેરિયરની શરૂઆત માત્ર ૧૩ વર્ષની ઉંમરમાં ૧૯૪૨માં શરૂ કરી હતી. એમણે લગભગ આપણા દેશની દરેક ભાષામાં ગીતો ગાયા છે. સ્વર કિન્નરી તરીકે ઓળખાતા, લતા દીદી આજે ભલે ને આપણને છોડી ને ગયા પણ તેઓ તેમનો આવાજ આપણા માટે છોડી ગયા છે. તેમના ગીતો ના એક એક શબ્દો આપણા



દિલમાં વસી ગયા છે અને એ વર્ષો સુધી કોઈ ભૂલી નઈ શકે. એવા સૂરોના બાદશાહ લતા દીદી ને મારા નમન અને એક મીઠી યાદ સાથે બે હાથ જોડી ને વંદન. એમાંનું એક સુંદર ગીત યાદ આવી ગયું, 'આઓ તુમ્હેં ચાંદ પે લે જાયે, પ્યાર ભરે સપને સજાયે...'

**- સંજય તન્ના (ગાયક કલાકાર)**

●●●

સ્વર સાધક ભારત રત્નશ્રી



લતા મંગેશકર ને પુષ્પાંજલિ 'લતિકા' એટલે કોમળ શાખા દીદી નો એવો જ કોમળ સ્વર ફરી પાછો ન મળે એવા ભારતના સ્વર સાધક લતા મંગેશકર ને એક ગુજરાતના કલાકાર સ્વર સાધક તરીકે સ્મરણાંજલિ કારણ સ્વર સાધક અને સત્ સાધક 'સંત' અને શબ્દ સાધક એમની આગળ સ્વર્ગસ્થ નથી લાગતું વસંત પંચમી એટલે મા સરસ્વતી નો પ્રાગટ્ય દિવસ અને આજે ષષ્ઠી એટલે માનો વિસર્જન દિવસ .....લતાદીદી ના સ્વરનું ભારતમાં ફરી અવતરણ થાય એવી માં ને પ્રાર્થના...'મીઠપ વાળા માનવી જેથી જગ છોડીને જશે કાગા એની કાણ પછી ઘરે ઘરે મંડાશે' સંત શિરોમણી પરમ પૂજ્ય કાશ્મીરી બાપુ અને સાહિત્ય સમ્રાટ જીતુદાન ગઢવી અને ભારત રત્ન લતા મંગેશકરને ઓમ્ શાંતિ....

**- ભીખુદાન ગઢવી (ગાયક કલાકાર)**

## સે-૫ યોગ પરિવારમાં નિયમિત સભ્યોનો જન્મદિવસ ઉજવાયો



ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના સેકટર-૫ યોગ પરિવાર દ્વારા છેલ્લા દસેક વર્ષથી નયિમિત રીતે યોગ-પ્રાણાયામની પ્રવૃતિ ચલાવાય છે જેમાં સેકટરના વડીલ નાગરિકો જોડાય છે. યોગ પરિવારના સભ્ય એવા નિવૃત્ત મામલતદાર મહેન્દ્રભાઈ નાયીનો જન્મદિવસ સવારે યોગ-પ્રાણાયામ વખતે ઉજવવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બહોલાએ બુકે આપી તેમનું જાહેર સન્માન કર્યુ હતું. આ પ્રસંગે યોગ પરિવારના પ્રણેતા યોગ ગુરુ સુરેન્દ્રસિંહ વાઘેલા સહિત અન્ય સભ્યો પ્રો. નટુભાઈ પટેલ, પી.વી. જેઠવા, આર.જી. દવે, કનુભાઈ ત્રિવેદી, બાબુભાઈ પ્રજાપતિ, વકીલ પ્રિતેશભાઈ વ્યાસ, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર, જે.વી. પટેલ, રસિકભાઈ સુથાર સહિત અન્ય સભ્યો હાજર રહ્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી.

## ચિરવિદાય

**● મુકિતધામ ●**

- **સ્વ.જાદવ દેવજીભાઈ શામજીભાઈ,** ઉ.વ.૬૯, સેકટર-૧૨
- **સ્વ.પ્રજાપતિ વિરેનકુમાર રમેશભાઈ,** ઉ.વ.૨૦, પેથાપુર
- **સ્વ.રબારી સીતાબેન મફાભાઈ,** ઉ.વ.૬૦, બોરીજ
- **સ્વ.પ્રજાપતિ રુખીબેન કેશાભાઈ,** ઉ.વ.૬૭, નારોલા, કડી
- **સ્વ.જયસ્વાલ આરતી હાર્દીકકુમાર,** ઉ.વ.૩૫, સેકટર-૬
- **સ્વ.ઠાકોર ઉર્મિબેન પોપટજી,** ઉ.વ.૫૬, માણસા
- **સ્વ.વાઘેલા પ્રકાશસિંહ પ્રવિણસિંહ,** ઉ.વ.૨૩, કોલવડા
- **સ્વ.પંચાલ શાંતાબેન ઈશ્વરલાલ,** ઉ.વ.૮૪, સેકટર-૨૪
- **સ્વ.પટેલ ભીખાભાઈ ડાહ્યાભાઈ,** ઉ.વ.૬૬, સેકટર-૩૦
- **સ્વ.વણઝારા પેડીબેન ભગાજી,** ઉ.વ.૮૬, રુપાલ

**● રૂદ્રભૂમિ ●**

- **સ્વ.પટેલ નિરુબેન નટવરલાલ,** ઉ.વ.૬૨, સરગાસણ
- **સ્વ.પાઠક જયાબેન પ્રવિણકુમાર,** ઉ.વ.૮૨, સેકટર-૩, ન્યુ
- **સ્વ.જાડેજા નિર્મલસિંહ કલાજી,** ઉ.વ. ૮૨, રાયસણ

## સેકટર-૨૪ સેવા વસ્તીના બાળકોને ખીચડી સેવા આપતા શહેરીજનો

ગાંધીનગર, તા.૬

શહેરમાં જરૂરિયાતમંદો માટે વિવિધ સંસ્થાઓ દ્વારા સેવા કાર્ય કરવામાં આવે છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્રમોદીના કુપોષણ દૂર કરવાના અભિયાન અંતર્ગત સેવા વસ્તીમાં દર રવિવારે નિર્મોહિ આશ્રમ સેકટર-૨૫ જીઆઆડીસી જોગણી માતાજી મંદિરના મહંત મોહનદાસબાપુ અને અરુણસિંહ રાજપુતના સહકારથી પાંચ વર્ષથી યોગદાન આપવામાં આવી રહ્યું છે. જેમાં પાંચ વર્ષથી સેકટર-૨૪ ખાતે સેવા વસ્તીના બાળકોને ખીચડી સેવા આપતા જાણીતા એડવોકેટ અશ્વિન ત્રિવેદી, પત્રકાર મુકેશ પંડયા, જાણીતા કથાકાર કનૈયાલાલ પંડયાએ સાથે રહીને સેવા કાર્ય કર્યુ હતું.





વાવોલ સ્થિત આઈ શ્રી ખોડિયાર ધામ ખાતે પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે ફૂલોના ગરબા યોજાયા હતા. અગ્રણી કમલેશભાઈ પ્રજાપતિ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

## નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા સન્ડે સાયન્સ પ્રોગ્રામ યોજાયો




ગાંધીનગર, તા.૬

ગુજરાત કાઉન્સીલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલૉજી વિભાગ, ગુજરાત સરકાર પ્રેરિત નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા વિદ્યાર્થીઓ વિજ્ઞાન વિષયને પ્રવૃત્તિમય પદ્ધતિ દ્વારા શીખે તે હેતુથી સન્ડે સાયન્સ પોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દર રવિવારે વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાનના વર્કશોપ, સેમીનાર, પ્રયોગો તેમજ જુદી જુદી પ્રવુતિઓનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત રવિવારે વિદ્યાર્થીઓ માટે રમતાં-રમતાં વિજ્ઞાન પ્રવૃતિઓ દ્વારા શીખવવામાં આવ્યું હતું.

આ પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓએ વાંસની પટ્ટીની સીટી, સીટી મારતું પાણીનું પક્ષી, રમકડાનો ટેલીફોન, કાગળનો ફટાકડો, કુદકા મારતો દેડકો, કુદકા મારતો વાંદરો, ફુગ્ગાની ગાડી, ચકરડી, જમ્પિંગ જેક, તરતો કાચબો, કાગળની હોળી, રોકિંગ રીંગ, જાદુઈ પ્યાલો, લડતા પક્ષીઓ, દોડતી ઢીંગલીઓ, જાદુઈ કાર્ડ, ગ્રુપ પ્રવૃત્તિ(વિમાનની ઉડાન), સુદર્શન ચક્ર જેવી જુદી-જુદી પ્રવુતિઓના મોડલ બનાવ્યા હતા. વિદ્યાર્થીઓને આ પ્રવૃતિઓ પાછળનું વિજ્ઞાન અને તેની દૈનિક જીવનમાં ઉપયોગીતા વિષે નિસર્ગ સાયંસ સેન્ટરના મેનેજીંગ ટ્રસ્ટી ડો.અનિલભાઈ પટેલે સમજ આપી હતી.

આમ દર રવિવારે સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ દરમિયાન ધોરણ-૫ થી ૧૦ ના વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાન અને ટેકનોલોજીની જુદી-જુદી-પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

## પુસ્તક પરબમાં ૧૨૦૦ જેટલાં પુસ્તકોનું આદાનપ્રદાન થયું



ગાંધીનગર, તા.૬

આજે સવારે ગાંધીનગરના સેક્ટર-૧૨માં બલરામ મંદિરે યોજાયેલી પુસ્તક પરબમાં પુસ્તકો - સામયિકો મળી કુલ - ૧૦૩૧ પુસ્તકોની આવક અને પુસ્તક - સામયિક મળી કુલ - ૧૭૫ પુસ્તકોની જાવક થઈ હતી. અંદાજે ૧૨૫ ઉપરાંત મુલાકાતીઓએ પરબની મુલાકાત લીધી હતી, જેમાં બહેનો, વિદ્યાર્થીઓ, વડીલો તેમજ ડોકટર અને વકીલોનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં દર મહિનાના પ્રથમ રવિવારે યોજવામાં આવતી પુસ્તક પરબ પ્રવૃત્તિ આઠમા વર્ષમાં પ્રવેશી છે. એક પણ રૂપિયાના ખર્ચ વગર આ પ્રવૃત્તિ ચાલે છે, જેમાં ગાંધીનગરના શિષ્ટ પુસ્તક વાચનપ્રેમીઓનો ઘણો પ્રોત્સાહક સહયોગ રહેલો છે. માતૃભાષા અભિયાન અંતર્ગત અને આત્મન ફાઉન્ડેશન દ્વારા આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. હવે સ્વેચ્છાએ આ પ્રવૃત્તિમાં સહભાગી થતાં મિત્રોની એક ટીમ જેવું બની ગયું છે. આ ટીમમાંથી આજે અશોકભાઈ ત્રિવેદી, ગજેન્દ્રસિંહ વાઘેલા, પ્રજ્ઞા પટેલ, અજયભાઈ રાવલ, અજયભાઈ ઉપાધ્યાય, તાહિરભાઈ, એન.પી. થાનકી વગેરે આ પુસ્તક પરબમાં સહયોગી બન્યા હતા.

## જન્મદિને વધામણી



**વૈદેહી કાર્તિક પટેલ**
**મો. ૯૪૨૮૭૩૪૪૪૮**



**કીવા પ્રવિણભાઈ ભરવાડ**
**રામપુર, તા. મોડાસા**



**જયસુખલાલ એસ. દોશી**
**મો. ૯૪૨૮૦૪૪૪૫૧**



**પ્રદીપસિંહ બિહોલા**
**પ્રમુખ, આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ**
**મો. ૯૮૨૫૮ ૧૫૬૩૧**



**નિમિષકુમાર રસિકલાલ પટેલ**
**મો. ૯૯૯૮૭ ૨૦૫૨૪**



**મહંમદભાઈ રહેમાનભાઈ શેખ**
**પ્રમુખ, વાવોલ મુસ્લિમ સમાજ**



**મુકેશ વેદ**
**મો. ૯૮૨૫૧૯૩૧૦૫**



**પ્રવિણાબેન વોરા**
**સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ, ગાંધીનગર**



**કિયાન જીગરકુમાર શ્રીમાળી**
**મો. ૮૪૯૦૮૪૭૭૯૯**